ટ્રેડિશનલ અને મોડર્ન જ્વેલરી સાથે પર્ફેક્ટ ફેસ્ટિવ લુક

આપણી સંસ્કૃતિમાં પર્વો અને ઉત્સવોનું ઘણું મહત્ત્વ છે અને એની સાથે જોડાયેલી છે આપણી સોના-ચાંદી અને રત્નોની સમૃદ્ધ વિરાસત. આજે જ્યારે ફેશન ઝડપથી બદલાતી જાય છે ત્યારે ટ્રેડિશનલ અને મોડર્ન જ્વેલરીનું ફ્યુઝન સૌથી મોટો ટ્રેન્ડ બની ગયો છે. મહિલાઓ ભારેખમ જ્વેલરી પહેરવાને બદલે પહેરવામાં લાઈટ હોય પરંતુ દેખાવમાં શાહી લાગે એવા વિકલ્પોની શોધમાં હોય છે. આ તહેવારની મોસમમાં કયા આઉટફિટ સાથે કયાં આભૂષણો તમારી ખૂબસૂરતીને નિખારશે એ જાણવું જરૂરી છે. એન્ટિક પોલકી અને કુંદન સેટ તો મહિલાની પહેલી પસંદ છે. એ કોઈ પણ સાધારણ ડ્રેસને પણ નિખારે છે. ફેસ્ટિવ સ્ટાઈલિંગનો મૂળ મંત્ર-ભારે અને વર્કવાળાં કપડાં સાથે હંમેશાં લાઈટ અને નાજુક-નેકલેસ પસંદ કરો. એનાથી વિપરીત જો તમારો ડ્રેસ એકદમ સાદો હોય તો એક મોટો સ્ટેટમેન્ટ પીસ કે ચોકર તમારા આખા લુકને એક વારમાં જ પર્ફેક્ટ બનાવી દેશે.

સાડી સાથે ક્યાં ટ્રેડિશનલ આભૂષણ શોભે છે?

દિવાળીની સાંજ હોય કે પૂજા, સિલ્ક કે શિફોનની સાડીની પસંદ સદાબહાર છે. બનારસી, કાંજીવરમ કે ચંદેરી સાડી સાથે ટ્રેડિશનલ ટેમ્પલ જ્વલેરી કે ગોલ્ડ પ્લેટેડ ચોકર સેટ બહુ સરસ લાગે છે. જો તમે લાઈટ જ્યોર્જેટ, શિફોન કે ઓર્ગેન્ઝા સાડી પહેરતાં હો તો એની સાથે હેવી દાગીના પહેરો નહિ. આવી સાડી સાથે અમેરિકન ડાયમંડ, પર્લ (મોતી) કે કુંદનના બારીક નકશીકામવાળા ઈયરિંગ્સ શોભે છે. મોતીની એક લાંબી માળા કે ડબલ લેયરવાળા પર્લ સેટ તમારી સાદગીમાં ચાર ચાંદ લગાડશે. હાથમાં મેચિંગ કાચની બંગડી અને બારીક કંગન હાથની ખૂબસૂરતીને વધુ નિખારશે.

લહેંગા અને અનારકલી સૂટ સાથે રોયલ જ્વેલરી કોમ્બિનેશન

તહેવાર અને લગ્નમાં લહેંગા પહેરવાનો ટ્રેન્ડ છે. લહેંગાના ઘેર અને હેવી વર્ક સાથે જ્વેલરીની પસંદગી સમજીવિચારીને કરવી જોઈએ. જો લહેંગા ગોટાપટ્ટી કે હેવી એમ્બ્રોઈડરીવાળા હોય તો એની સાથે માંગટીકા, ઝુમખા અને હાથમાં ટ્રેડિશનલ કંગન એક પર્ફેક્ટ ફેસ્ટિવ વાઈબ આપે છે. ગળામાં રાણીહાર કે લેયર્ડ નેકલેસ પહેરતાં હો તો એની ડિઝાઈન લહેંગાની પેટર્ન સાથે મેળ ખાતી હોય એ ધ્યાન રાખો.

અનારકલી કે સરારા સૂટ સાથે ચાંદબાલી સારો વિકલ્પ છે.ચાંદબાલીની ફેશન સદાબહાર છે અને દરેક પ્રકારના ચહેરા પર શોભે છે. જો તમે ગળામાં કંઈ પહેરવા માંગતાં ન હો તો એક મોટી સ્ટેટમેન્ટ રીંગ અને કાનમાં હેવી ચાંદબાલી પહેરીને એક એલિગન્ટ અને રોયલ લુક મેળવી શકાય છે.

મેકઅપ , હેરસ્ટાઈલ અને જ્વેલરીનું પર્ફેક્ટ કોમ્બિનેશન

માત્રા સારાં આભૂષણો પહેરવાથી તમારો ફેસ્ટિવ લુક પૂરો થતો નથી. દાગીના, મેકઅપ અને હેરસ્ટાઈલ વચ્ચે યોગ્ય સંતુલન પણ બહુ જરૂરી છે. જો તમે બહુ હેવી અને ટ્રેડિશનલ આભૂષણો પહેર્યાં હોય તો મેકઅપ થોડો સટલ અને નેચરલ હોવો જોઈએ જેથી તમારો આખો લુક ઓવર કે ભડકીલો ન લાગે.

ઓક્સિડાઈઝ જ્વેલરીના જાદુ

આજની ભાગદોડભરી જિંદગીમાં મહિલાઓ એવી સ્ટાઈલ અને કપડાં પસંદ કરે છે જે ટ્રેન્ડી હોવાની સાથે સાચવવામાં પણ આસાન હોય. ક્રોપ ટોપ સાથે લોન્ગ સ્કર્ટ, પેન્ટ-સૂટ કે ધોતી-કુરતા જેવા ઈન્ડો વેસ્ટર્ન આઉટફિટ્સ આજકાલ ઘણાં ટ્રેન્ડમાં છે.

આ આધુનિક આઉટફિટ્સ સાથે ટ્રેડિશનલ સોના કે હીરાનાં આભૂષણો મેચ થતાં નથી. ત્યાં ઓક્સિડાઈઝ્ડ જ્વેલરી તમારી મદદે આવે છે.

ઓક્સિડાઈઝ્ડ સિલ્વરના લાંબા નેકલેસ, હેવી ઝુમખા, હાથમાં મોટા કફ બ્રેસલેટ ઈન્ડો-વેસ્ટર્ન લુકને એક બોલ્ડ અને સ્ટાઈલિશ ટચ આપે છે. એ બજેટ ફ્રેન્ડલી હોવાની સાથે બધા કલરના ડ્રેસ સાથે સહેલાઈથી મેચ પણ થાય છે.